# પંચમહાલ - દાહોદ પંથકમાં કમોસમી માવઠુ : લોકોને ગરમીથી આંશિક રાહત મળી



દેવગઢ બારીયા

દેવગઢબારીયા : દાહોદ જિલ્લામાં આજે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. વાદળછાયા વાતાવરણ વચ્ચે દેવગઢબારિયા નજીકના કેટલાક ગામડાઓમાં વરસાદી છાંટા પડ્યા હતા. હાલ ઉનાળાની સિઝન પુર બહારમાં ચાલી રહી છે અને જેને લઈને ગરમીનો પારો 40 ને પાર પહોંચી ગયો છે ત્યારે આજરોજ વહેલી સવારે જ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. ત્યારે ધોમ ધખતા તાપમાં વિસ્તારના લોકોને થોડા પ્રમાણમાં ઠંડક અનુભવતા શાંતિ મળી હતી. જ્યારે સાથે સાથે ખેડૂતોની તકલીફોમાં વધારો જોવા મળ્યો હતો. મગ,બાજરી, શાકભાજી, મગફળી, તલ જેવા પાકોને નુકસાન જવાની ભિતી ને લઇને ખેડૂતો ચિંતિત જોવા મળ્યા હતા.



કાલોલ

કાલોલ : કાલોલ શહેર સહિત તાલુકામાં બે દિવસથી વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું.અને ત્યારબાદ આજે સવારે અગિયાર વાગ્યાના આસપાસ કેટલાક વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો.વરસાદને કારણે ઠંડક પ્રસરી જતા બફારાથી આંશિક રાહત મળી હતી.પરંતુ બીજી તરફ કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે.અને પાકને લઇ ખેડૂતોમાં નુકશાની ની ભીતિ સતાવી રહી છે. હાલ ઉનાળો ચાલી રહ્યું છે.અને ઉનાળાની કાળજાળ ગરમી પડી રહી છે પરંતુ તે વચ્ચે કાલોલ શહેર સહિત અમુક તાલુકાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે અને ગાજવીજ સાથે સવારના અગીયાર વાગ્યાના આસપાસ અચાનક ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો અને આંશિક ઠંડક પણ પ્રસરી જવા પામી હતી.



દાહોદ

દાહોદ : દાહોદ જિલ્લામાં આજે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો જ્યારે વાદળછાયા વાતાવરણ વચ્ચે સિંગવડ તાલુકા ના ઘણા ગામડાઓમાં વરસાદી છાંટા પડ્યા હતા. વહેલી સવાર થી જ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. અને બપોરના સમયે વરસાદના અમી છાંટણા પડતા થોડીક ઠંડક પ્રસરી હતી પરંતુ ત્યાર પછી ગરમીનો ઉકલાટ એકદમ વધી ગયો હતો જેને લઈને ગરમીમાં વધારો જોવા મળ્યો હતો જ્યારે સાથે સાથે ખેડૂતોની તકલીફોમાં વધારો જોવા મળ્યો હતો. ખેડૂતોના મગ,બાજરી, શાકભાજી, મગફળી, તલ જેવા પાકોને નુકસાન જવાની ભિતી ને લઇને ખેડૂતો ચિંતિત જોવા મળ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### લીમખેડા તાલુકાના દુધિયા ખાતે ICDS ઘટક દ્વારા બહેનોએ ગરબા કરી મતદાન જાગૃતિ સંદેશ આપ્યો



**લીમખેડા:** લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત દાહોદ જિલ્લામાં આગામી ૭ મેના રોજ મતદાન યોજાનાર છે. આ મતદાનમાં મહત્તમ મતદારો સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સ્વીપની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઇ રહી છે. લીમખેડા તાલુકાના દુધિયા ગામ ખાતે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઇરા ચૌહાણના માર્ગદર્શન હેઠળ આઇસીડીએસની બહેનો દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જે અંતર્ગત આઈસીડીએસની બહેનોએ તેમજ કિશોરીઓએ માટીની માટલી પર મતદાન જાગૃતિ દર્શાવતા સંદેશા લખી મતદાન જાગૃતિ ગરબા કરવામાં આવ્યા હતા. જેમ સ્ત્રીઓના કપાળે બિંદી શોભે એમ મતદાન કરવા માટે કરાયેલ શાહીથી લોકશાહીના આ પર્વની સાથોસાથ આંગળીની પણ શોભા વધી જશે. મતદાનના વિવિધ મહત્વના સંદેશા આપતાં બેનર્સ, પોસ્ટર્સ તેમજ માટલી પર સંદેશા લખી આ બહેનો તેમજ કિશોરીઓએ મતદારોને મતદાન અચૂક કરવા માટેની હાકલ કરી શપથ લીધા હતા. આ ચૂંટણીમાં મહિલા મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના માધ્યમથી મહિલા મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે પ્રેરિત કરવા મતદાન જાગૃતિના સંદેશા પહોંચાડવામાં આવી રહ્યા છે.

### મલાવ કૃપાલુ આશ્રમ ખાતે ભાગવત જ્ઞાનયજ્ઞ કથાનું શ્રદ્ધાળુઓની હાજરીમા સમાપન



**લીમખેડા :** કાલોલ તાલુકાના મલાવ ખાતે બ્રહ્મલીન પૂજ્ય કૃપાલુ મહારાજ તેમજ બ્રહ્મલીન પૂજ્ય રાજશ્રી મુનિની સૂક્ષ્મ ઉપસ્થિતિમાં ભાગવત જ્ઞાન યજ્ઞ કથાનું આયોજન ગત ૧૯/૦૪ થી કરવામાં આવ્યું હતું વ્યાસપીઠ ઉપરથી પ્રદીપજી શાસ્ત્રી માલસર વાળા દ્વારા પોતાના સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતુ. વામન અવતાર વિષ્ણુ અવતાર રામ અવતાર કૃષ્ણ અવતાર શિવ પાર્વતી વિવાહ પ્રહલાદ જીવન ચરિત્ર ગોવર્ધન લીલા જેવા વિવિધ પ્રસંગો યોજાયા હતા. સ્વ. રાવજીભાઈ લલ્લુભાઈ પટેલ અને સ્વ. અશ્વિનભાઈ રાવજીભાઈ પટેલના સ્મરણાર્થે કથાનું આયોજન કરાયું હતુ. આજરોજ ગુરુવારે કથાના અંતિમ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા સાંજના ૫:૩૦ કલાકે સમાપન કરાયુ હતુ.

લગ્નસરાની સીઝનમાં ચોરોને મોકળું મેદાન

## લીમડીમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા, 1.57 લાખની મતાની ચોરી

(પ્રતિનિધિ) દાહોદ,તા,26

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરના કારઠ રોડ પર ત્રાટકેલા તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી બંધ મકાનના દરવાજાનું તાળું તોડી મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ તેમજ દુબઈના ધિરામ વગેરે મળી રૂપિયા ૧.૫૭ લાખની મત્તા ચોરીને લઈ ગયાનું પોલીસ વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે.

જેમાં ઝાલોદના લીમડી નગરના કારઠ રોડ પર ગત તારીખ ૧૮-૪- ૨૦૨૪ થી તારીખ ૨૨ -૪ -૨૦૨૪ દરમિયાનના સમયગાળામાં ત્રાટકેલા તસ્કરોએ કારઠ રોડ પર રહેતા અને દરજી કામ કરતા ૫૨ વર્ષીય રાકેશભાઈ ચંદ્રકાંતભાઈ દરજી તથા તેમના પરિવારજનો લગ્ન પ્રસંગમાં જવા માટે પોતાના મકાનને બંધ કરી લગ્ન પ્રસંગમાં ગયા હતા તસ્કરોએ તેઓના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. અને તે બંધ મકાનના દરવાજાનું તાળું કોઈ હથિયાર વડે તોડી મકાનમાં પ્રવેશ્યા હતા. અને મકાનમાં કબાટ તથા તિજોરીમાં મૂકી રાખેલ રૂપિયા ૮૭,૦૦૦/- ની કુલ કિંમતના સોના- ચાંદીના દાગીના તથા રૂપિયા ૭૦ હજારની રોકડ રકમ તેમજ દુબઈના ૯૦ ધિરામ મળી કુલ રૂપિયા ૧.૫૭ લાખની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ઘરફોડ ચોરીનો ભોગ બનેલા લીમડી નગરના કારઠ રોડ પર રહેતા રાકેશભાઈ ચંદ્રકાંતભાઈ દરજીએ લીમડી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્કોડ તથા એફએસએલની મદદની માગણી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડોક્ટર સહિત સ્ટાફ ફરાર થતાં મૃતક મહિલાના પતિએ ફતેપુરા પોલીસમાં લેખિત ફરિયાદ આપી

## ફતેપુરાની વરદાન હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન સગર્ભા મહિલાનું મોત

(પ્રતિનિધિ) સુખસર,તા,26

ફતેપુરા તાલુકાના વાંગડ ગામના અશ્વિનભાઈ નારસિંગભાઈ પારગીના ગત દોઢેક વર્ષ અગાઉ ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વ ગામના મીનાક્ષીબેન સાથે લગ્ન થયા હતા.તેઓના સુખી દાંપત્ય જીવન દરમિયાન મીનાક્ષી બેનના પેટમાં પાંચ માસનો ગર્ભ ઉછરી રહ્યો હતો.અને તેમની સારવાર ફતેપુરા ખાતે આવેલ વરદાન હોસ્પિટલના ડોક્ટર હિતેશ પટેલ પાસે કરાવવામાં આવી રહી હતી. આ દરમિયાન સગર્ભા મહિલાને 25 એપ્રિલ 2024 ના રોજ વહેલી સવારે ગુપ્ત ભાગે લોહીનો પ્રવાહ ચાલુ થતા 108 એમ્બ્યુલન્સ દ્વારા ફતેપુરા ખાતે આવેલ વરદાન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ





કરવામાં આવ્યા હતા.અને રાત્રિના આઠેક વાગ્યાના અરસા સુધી મીનાક્ષીબેન તંદુરસ્ત હતા.તેમજ સારી રીતે વાતચીત પણ કરી શકતા હતા. ત્યારબાદ રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં ડોક્ટર હિતેશ પટેલ દ્વારા મહિલાના પતિને બોલાવીને જણાવેલ કે,તમારી પત્નીને વધુ સારવાર માટે બીજા હોસ્પિટલ ખાતે લઈ જવાની જરૂરત છે તેમ કહીને મહિલા ને પોતાના હોસ્પિટલમાંથી અન્ય હોસ્પિટલ ખાતે ખસેડવા માટે દર્દીના પતિને ગાડીની વ્યવસ્થા કરી આપી હતી. તે વખતે આ મહિલાને ગાડીમાં બેસાડવા માટે લઈ જવા મહિલાને ઉઠાડતા આ મહિલા હાલીચાલી કે બોલી શકતી ન હતી.અને શ્વાસ પણ લેતી ન હોય મહિલાના પતિને શક જતાં આ બાબતે ડોક્ટરને જાણ કરી ત્યારે તે સમયે ડોક્ટરને મહિલાનું મોત થયું હોવાની જાણ થતા ડોક્ટર સહિત દવાખાનાનો સ્ટાફ અન્ય દર્દીઓને રેઢા મૂકી ફરાર થઈ ગયા હોવાનો આક્ષેપ મૃતક મહિલાના સ્વજનો કરી રહ્યા છે. તબીબની બેદરકારીથી મહિલાનું મોત નીપજ્યું હોવા અંગેના આક્ષેપ સાથે રાત્રિના સુમારે ફતેપુરા પોલીસ સ્ટેશનમાં જઈ મૃતક મહિલાના પતિએ લેખિત ફરિયાદ આપતા ફતેપુરા પોલીસ એકશનમાં આવી હતી.જે બાદ ઘટનાની ગંભીરતા સમજીને ફતેપુરા પોલીસ મથકના પી.એસ. આઈ દ્વારા તાત્કાલિક પગલાં લઈ ફતેપુરા પોલીસ સ્ટાફના માણસોને સાથે રાખીને તેમજ ફતેપુરા મામલતદારની ટીમ સાથે હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.અને લાશનું પંચનામુ કરી ફરાર ડોક્ટરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

ગોધરા એસઓજીએ રૂા.1.53 લાખનો મુદ્દામાલ કબજે લીધો

## નારુકોટ ગામે ખેતરમાંથી લીલા ગાંજાના છોડ સાથે એક ઝડપાયો

**આરોપી** ઇસમ વિરુદ્ધ NDPS એક્ટ મુજબ ગુનો દાખલ કરાયો

(પ્રતિનિધિ) જાંબુઘોડા,તા,26

પંચમહાલ જિલ્લા ના જાંબુઘોડા તાલુકા ના નારૂકોટ ગામમાં આવેલ સરપંચ ફળિયા માં એક ઈસમ પોતાના ખેતર માં ગાંજા ના છોડ ઉગાડ્યા હોવા ની ગોધરા એસ.ઓ.જી ને બાતમી મળતા આર.એ.પટેલ. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી. અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એન.પટેલ. તેમજ ડી.જી. વહોનીયા અને જિલ્લા એસ.ઓ. જી. ની ટીમ સરકારી પંચો ને



સાથે રાખી જાંબુઘોડા તાલુકા ના નારૂકોટ ગામે સરપંચ ફળિયા માં રહેતો મનહર પોપટ રાઠવા ને પોતાના ખેતર માં મનહર ને સાથે રાખી તપાસ કરતા ખેતર ના છેડા ઉપર થી લીલા ગાંજા ના છોડ 6 નંગ મળી આવ્યા હતા જેને કબજે લઈ તેનું વજન કરતાં 15.350 કિલો ગ્રામ સદર ગાંજા ની કિંમત 1.53.500 ના મુદ્દા માલ ને કબજે લઈ આરોપી મનહર પોપટ રાઠવા વિરોધ જાંબુઘોડા પોલીસ સ્ટેશન ખાતે NDPS એક્ટ મુજબ નો ગુનો દાખલ કરી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

## દેવગઢબારીયામાં માનસિક અસ્વસ્થ પતિના ત્રાસથી કંટાળેલી મહિલાને અભયમે સમજાવી

(પ્રતિનિધિ) દાહોદ,તા,26

દેવગઢ બારીયા નજીકના ગામમાંથી માનસિક અસ્વસ્થ પતિના ત્રાસ થી કંટાળીને એક પીડિત મહિલાએ ફોન કરી અને મહિલા હેલ્પલાઈનમાં ફરિયાદ નોંધાવતા અભયમ ટીમ દ્વારા સુખદ સમાધાન કરાવ્યું હતું. ફરિયાદ મળતા જ અભયમ ટીમ પીડીતાના ઘરે પહોંચી હતી. જ્યાં કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળેલ કે પીડિતાના લગ્ન જીવનને 14 વર્ષ થયા હતા અને પીડિતાને છ બાળકો હતા. તેઓના પતિ તેઓના જોડે વારંવાર મારપીટ કરે છે પતિને પણ સમજાવેલ કે તમે ભલે માનસિક રીત ના બીમાર હોય પણ તમે પત્નીને મારી ના શકો અને તમે જો માનસિક રીતે બીમાર છો તો સારવાર લેવા જણાવ્યુ હતુ.

સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડ્યા

## સંજેલીમાં સફાઈ કર્મચારીઓ હડતાલ પર ઉતરતા કચરાના ઢગ જામ્યા



(પ્રતિનિધિ) સંજેલી,તા,26

સંજેલી નગરમાં વારંવાર સફાઈ ગંદકી સહિતની સમસ્યાઓ બાબતે સ્થાનિક કર્મચારીઓ પગારની સમસ્યાને લઈને હડતાલ પર ઉતરવા વારંવાર મજબૂર બનતા હોય છે તો એવું તો કયું આયોજન થાય કે જેથી કરીને આ સમસ્યાનું નિરાકરણ આવે અને કાયમી સમસ્યા દૂર થાય ! સંજેલી ગ્રામ પંચાયતના સફાઈ કર્મચારીઓ નો કેટલાક માસથી પગાર ન ચૂકવતા પગાર ની માંગને લઈને કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે ત્યારે નગરમાં ઠેર ઠેર કચરાના ઢગલા ને કારણે સ્વચ્છ અભિયાનના ધજાગરા ઉડી રહ્યા છે તંત્રની નિષ્કાળજીને કારણે લોકોને હાલાકી ભોગવી રહ્યા છે.

સંજેલી ગ્રામ પંચાયતમાં કથળતા જતા વહીવટને કારણે પ્રજાને પ્રાથમિક સુવિધાઓ માટે પણ વલખા મારવા પડી રહ્યા છે. લગભગ બે માસથી ગ્રામ પંચાયતના વોટરપાર્ક કર્મચારીઓ સહિતના કર્મચારીઓ પગાર બિલની માંગને લઈને હડતાલ પર ઉતાર્યા હતા . ત્યારે સફાઈ કર્મચારીઓ પણ છેલ્લા ત્રણ દિવસથી ચાર માસનો પગાર બાકી હોવાથી હડતાલ પર ઊતર્યા છે જેના કારણે સંજેલી નગરમાં ઠેર ઠેર કચરાના ઢગલાઓ અને ગંદકી રોડ પર જ જોવા મળી રહી છે. વડાપ્રધાન ના સ્વચ્છ અભિયાનના ખુલ્લેઆમ ધજાગરાઓ ઉડી રહ્યા છે.

### સપ્તાહથી વધુ સમય વિત્યો

સંજેલીમાં વોર્ડ નંબર 1માં પાછલા એક અઠવાડિયા કરતા વધારે સમય થઇ ગયો હોવા છતાં સફાઇ નું કોઇ નામ લેવામાં આવ્યું નથી અને સફાઇ કર્મચારીઓ દ્વારા સફાઇ કરી નથી. આ બાબતે અગાઉ પણ તંત્રને રજૂઆત કરવા છતાં કોઇપણ યોગ્ય નિરાકરણ આવ્યું નથી જે ખરેખર કેટલે અંશે યોગ્ય કહેવાય ? તેવા સવાલો ઉઠવા પામ્યા છે. ઈરફાન ભાઈ ડોકેલા સ્થાનિક રહીશ

મતદાન માટે તૈયારીઓ અંતિમ ચરણમાં

## દાહોદ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈ તંત્ર સજ્જ

(પ્રતિનિધિ) દાહોદ,તા,26

દાહોદ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈ તંત્ર સજ્જ છે. મતદાન મથકોને લઈને પણ તૈયારીઓ અંતિમ ચરણમાં ચાલી રહી છે. આ માટે અંતરિયાળ વિસ્તારમાં કેટલાક પડકારનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાને લઈને પણ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલે તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જોકે કેટલાક વિસ્તારોમાં ચૂંટણીને વખતે કેટલાક પડકારોને પણ તંત્રએ ઝીલવાના છે. જેમાંનો એક પડકાર શેડો એરિયાની સમસ્યાનો છે. દાહોદ જિલ્લામાં ક્યાંક જંગલ વિસ્તાર છે તો ક્યાંક ડુંગરાળ વિસ્તાર પણ છે. આવા સ્થળોએ મોબાઈલ ફોનના નેટવર્કનો અભાવ છે. જેથી લોકસભાની ચુંટણી દરમિયાન આવા જંગલ વિસ્તાર કે ડુંગરાળ વિસ્તારમાં મતદાન મથક ઉપરથી મતદાનના આંકડા મેળવવા તેમજ અન્ય કોઈ પણ માહિતી મેળવવી હોય કે સંદેશો પહોંચાડવો હોય તો સમસ્યા સર્જાઈ શકે છે. જેથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવા મતદાન મથકોને અલગ તારવવામાં આવ્યા છે. દાહોદ ચૂંટણી પંચે આવા મતદાન મથકોની અલગ યાદી તૈયાર કરી તેમને 'શેડો એરીયા'માં સ્થાન આપ્યું છે. જોકે અહીં સૌથી મોટા પડકાર પૈકી એક મોબાઈલ નેટવર્કનો સામે આવ્યો છે. જિલ્લાના ૧૪ ગામના મતદાન મથકો ઉપર મોબાઈલ ટાવરનું નેટવર્ક નહીં હોવાને કારણે તેમને વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે. BSNL દ્વારા એક સર્વે કરાયો છે અને સરકારના સેચુરેશન પ્રોજેક્ટ અંતર્ગત હવે અહીં ટાવર નાખવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે.

### તંત્ર અલગ ચેનલ બનાવશે

વાયરલેસ સેટ ઉભા કરવા માટે એક અલગ ચેનલ બનાવવી પડશે. આ ચેનલનો નંબર અપાશે તેની ઉપરથી જ માહિતીની આપ-લે થશે. શેડો એરિયામાં મતદાન મથકે મુકવામાં આવેલા વાયરલેસ સેટ પોલીસ કંટ્રોલરૂમ અને ચૂંટણીના કંટ્રોલરૂમ સાથે કનેક્ટ હશે. ચૂંટણીના કંટ્રોલરૂમમાં પણ વાયરલેસ સેટ હેન્ડલ કરવા માટે એક ઓપરેટર બેસાડવો પડશે.

પારકી પણેતરના ફોટા રાખનાર ઇસમને લોખંડની પાઇપ તથા ગડદાપાટુનો માર માર્યો

## સિંગવડ તાલુકાના હાંડી ગામે મોબાઈલમાં બીજાની પત્નિના ફોટા રાખવા બાબતે ધિંગાણું

(પ્રતિનિધિ) દાહોદ,તા,26

પારકી પરણેતરના ફોટા રાખવાના મામલે દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના હાંડી ગામે થયેલ ઝઘડામાં પારકી પણેતરના ફોટા રાખનાર ઈસમને લોખંડની પાઈપ તથા ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી હતી. સિંગવડ તાલુકાના હાંડી ગામે પરમાર ફળિયામાં રહેતા છગનભાઈ પ્રતાપભાઈ બારીયા ગત તારીખ ૨૧/ ૪/૨૦૨૪ ના રોજ રાત્રિના ૧૧:૦૦ વાગ્યાના સુમારે લગ્નમાં જઈ રહ્યા હતા તે વખતે તેના જ ગામના બારીયા ફળિયાના શાંતુભાઈ બારીયા, નરેશભાઈ બારીયા, નારણભાઈ બારીયા તથા મંગળભાઈ શાંતુભાઈ બારીયા વિગેરેએ છગનભાઈ બારીયાને પોતાના ઘરે બોલાવી નારણભાઈ શાંતુભાઈ બારીયાએ ગાળો આપી, મારી પત્નીના ફોટા તું કેમ રાખે છે ? તેમ કહેતા એકદમ ઉસકેરાઈ ગયેલ શાંતુભાઈ બારીયાએ છગનભાઈ બારીયાના જમણા હાથે કોણીના ભાગે લોખંડની પાઈપ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે નરેશભાઈ બારીયા, નારણભાઈ બારીયા તથા મંગળભાઈ બારીયાએ ભેગા મળી છગનભાઈ બારીયાને ગડદાપાટુનો માર મારી નાખવાની ધાકધમકીઓ આપી હતી. આ સંબંધે ઈજાગ્રસ્ત છગનભાઈ પ્રતાપભાઈ નોંધાવેલી ફરિયાદને આધારે રંધીકપુર પોલીસે હાંડી ગામના બારીયા ફળિયામાં રહેતા શાંતુભાઈ વેલજીભાઈ બારીયા તથા તેમના ત્રણ દીકરા નરેશભાઈ શાંતુભાઈ બારીયા, નારણભાઈ શાંતુભાઈ બારીયા તથા મંગળભાઈ શાંતુભાઈ બારીયા વિરુદ્ધ ઈ.પી. કો. કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.